સોનિયા ગાંધી અને રાહુલ સામે સમન્સ

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હીની પટિયાળા કોર્ટે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીની સામે સમન્સ જારી કર્યું છે. બન્નેને સાતમી ઓગષ્ટના દિવસે કોર્ટમાં હાજર થવા માટે આદેશ આપી દેવામાં આવ્યો છે. આ સમગ્ર મામલો નેશનલ હેરાલ્ડ કેસ સાથે સંબંધિત છે. કોંગ્રેસ નેતાઓ ઓસ્કાર ફર્નાન્ડીસ અને મોતીલાલ વોરા સામે પણ સમન્સ જારી કરવામાં આવ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરવામાં આવેલા કેસના સંબંધમાં આ સમન્સ જારી કરવામાં આવ્યા છે. સમન્સ જારી કરવામા આવ્યા બાદ કોંગ્રેસના નેતાઓમાં આને લઈને ચર્ચા છે. સ્વામીએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસના નેતાઓએ બિનજરૂરી રીતે મુદ્દા ઉઠાવ્યા છે. તેમનો આરોપ છે કે, હેરાલ્ડ હાઉસના નામથી જે ૧૬૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ છે તેનો ઉપયોગ ખાનગી લાભ માટે કરવામાં આવી રહ્યો છે. આ સપંત્તિ એસોસીએટ જનરલની છે. સ્વામીનો આક્ષેપ છે કે, ગાંધી પરિવારે ગુપ્ત રીતે તેના નિયંત્રણ પોતાના હાથમાં લઈ લીધા છે. સ્વામીએ આક્ષેપ કર્યો છે કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ગુપ્ત રીતે ધ એસોસીએટ જનરલ લિમિટેડ કંપનીનો નિયંત્રણ પોતાના હાથમાં લીધો છે. આ કંપની નેશનલ હેરાલ્ડ અખબારના પ્રકાશનની જવાબદારી સંભાળે છે. તેની પાસે ૧૧ માળની ઈમારતના માલિકી હક્ક પણ છે. સ્વામીના જણાવ્યા મુજબ નવી દિલ્હીના બહાદુર શાહ ઝફરમાર્ગ પર સ્થિત હેરાલ્ડ હાઉસની કિંમત આશરે ૧૬૦૦ કરોડ રૂપિયાની છે. મામલામાં સાત વર્ષની જેલથી લઈને આજીવનકારાવાસની સજા થઈ શકે છે. સ્વામીનું કહેવું છે કે, એઆઈસીસી દ્વારા ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૧ના દિવસે ટીએજેએલની ૯૦ કરોડ રૂપિયાની જવાબદારી પોતાના હાથમાં લીધી હતી. સ્વામીએ આક્ષેપ કર્યો છે કે, મોડેથી ૫૦ લાખ રૂપિયાની રકમથી યંગ ઈન્ડિયન કંપનીમાં નવા શેર લેવામાં આવ્યા હતા જેનાથી સંપૂર્ણ નિયંત્રણ તેમની પાસે જતો રહ્યો હતો.

આસામમાં તરૂણ ગોગોઈની હકાલપટ્ટી થાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૨૬

આસામમાં કોંગ્રેસના ધારાસભ્યની નારાજગી મુખ્યમંત્રી તરુણ ગોગોઈને લઈને વધી રહી છે. આગામી દિવસોમાં તરુણ ગોગોઈને મુખ્યમંત્રી તરીકે દૂર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઉત્તરપુર્વીય રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન માટેની શક્યતા દેખાઈ રહી છે. ધારાસભ્યોની ગણતરી કરી ચુકેલા કેન્દ્રીય નિરીક્ષક મલ્લિકાર્જુન ખડગે પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે. ધારાસભ્યો અને સાંસદોની નારાજગીની નોંધ લેવામાં આવી રહી છે. ખડગે ટૂંક સમયમાં જ પક્ષની લીડરશીપને અહેવાલ સોંપ્યા બાદ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ હતી. રાજ્યના આરોગ્ય પ્રધાન હેમંત બિસવા શર્મા ગોગોઈની જગ્યા લે તેવી શક્યતા દેખાઈ રહી છે. લોકસભાની ચુંટણીના પરિણામ આવ્યા બાદ ગોગોઈની સતત ટીકા થઈ રહી છે. રાજ્યમાં સાત બેઠકો

જીતીને ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે. આ ઉપરાંત મુસ્લિમ સંગઠન એયુડીએફ દ્વારા ત્રણ બેઠકો જીતી લેવામાં આવી છે. કોંગ્રેસને પણ ત્રણ જ બેઠક મળી હતી. લોકસભાની ચુંટણીમાં કારમી હાર થયા બાદ આસામમાં કોંગ્રેસમાં ખડભડાટ મચી ગયો છે. ગોગોઆઈની હકાલપટ્ટી કરવા કોંગ્રેસ હાઈકમાન્ડ પર દબાણ વધારવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના સભ્યોમાં અસંતોષ ચરમસીમા પર છે.

પક્ષના નેતાઓ માને છે કે, આસામમાં ભાજપની વધતી તાકાતને રોકવા માટે નવા કુશળ નેતાની જરૂર છે. કોંગ્રેસ હાઈકમાન્ડે હાલમાં જ અસંતુષ્ટોને શાંત કરવા ગોગોઈને એક તક આપી હતી. પરંતુ સ્થિતિમાં સુધારો થયો નથી જેથી હવે ગોગોઈની હકાલપટ્ટીના ભણકારા વાગી રહ્યા છે.

અયોધ્યા સંકુલ પર ત્રાસવાદી હુમલાનો ખતરો

ફેજાબાદ,તા. ૨૬

નરેન્દ્ર મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ હવે વિવાદાસ્પદ અયોધ્યા સંકુલ પર ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. જેને ધ્યાનમાં લઈને અયોધ્યાના અધિગૃહિત સંકુલની સુરક્ષા વ્યવસ્થાને હાઈટેક કરવામાં આવનાર છે. સુરક્ષા સમિતીની બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બેઠક માનસ ભવનમાં યોજાઈ હતી. જેમાં સુરક્ષા વ્યવસ્થાને હાઈટેક કરવાની યોજના પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ગુપ્તચર વિભાગના અહેવાલ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. હુમલાની શંકાને લઈને સુરક્ષા વ્યવસ્થાને મજબુત કરવામાં આવી છે. એવી પણ શંકા વ્યક્ત કરવામાં આવી છે કે મોદી સરકાર કેન્દ્રમાં આવી ગયા બાદ ત્રાસવાદીઓ હુમલા કરી શકે છે. ત્રાસવાદીઓ હવાઈ હુમલા મારફતે રામ મંદિર સંકુળને ફુંકી મારે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ જ કારણસર હવે સંકુલને નો ફ્લાઈંગ જોન જાહેર કરવાના પાસા પર વિચારણા કરી શકે છે. સંકુલને નો ફ્લાઈંગ જોન જાહેર કરવા માટે હિલચાલ હાથ ધરવામાં આવી છે.

નો ફ્લાઈંગ ઝોન બનાવવા માટે આજથી પાંચ વર્ષ પહેલા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.પરંતુ તેમા કોઈ વધારે પ્રગતિ થઈ ન હતી. હવે નવેસરથી હિલાચાલ હાથ ધરવામાં આવી છે. ત્રાસવાદી હુમલાની દહેશતના કારણે કાશી, મથુરા અને અયોધ્યા ખાતે વિવાદાસ્પદ મંદિર સંકુલો ખાતે સુરક્ષાને હાઈટેક કરવામાં આવનાર છે. વિવાદાસ્પદ સંકુલમાં ફરજ પર રહેલા સુરક્ષા કર્મચારીઓની આવાસની તકલીફને દુર કરવા માટે મલ્ટીસ્ટોર ભવન બનાવવાની ભલામણ કરવામાં આવી છે. વોચ ટાવર નબળા અને બિન ઉપયોગી થયા છે. જેથી તેમની જગ્યાએ નવા હાઈટેક ટાવર સ્થાપિત કરવામાં આવી શકે છે.

વોડાફોન ટેક્સ મામલામાં પહેલીએ સુનાવણી કરાશે

સુપ્રીમ કોર્ટ પહેલી જુલાઈના દિવસે વોડાફોન ટેક્સ વિવાદના મામલે અરજી પર સુનાવણી હાથ ધરનાર છે. ઈન્કમટેક્સ એક્ટ ૧૯૬૧ મુજબ કંપની પાસેથી સરકારને ૨૦ હજાર કરોડ રૂપિયા ટેક્સ સ્વરૂપે મળવાની જરૂર છે. મહાકાય ટેલીકોમ કંપની વોડાફોન અને સરકાર વચ્ચે જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. જસ્ટીસ વિક્રમજીત સેન અને જસ્ટીસ શિવકૃતિસિંહની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું છે કે, તેઓ પહેલી જુલાઈના દિવસે આ મામલામાં સુનાવણી હાથ ધરશે. વરિષ્ઠ વકિલ વિશ્વજીત ભટ્ટાચાર્ય અંગત રીતે કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા અને કાયદાના નિયમોને પાળવા સરકાર અને સીબીડીટીને સુચના આપવા કોર્ટને અપીલ કરી હતી. વોડાફોન પાસેથી ૨૦ હજાર કરોડ રૂપિયા ટેક્સ સ્વરૂપે વસુલ કરવા સરકાર સતત પ્રયત્નશીલ છે.

સેન્સેક્સ આગામી વર્ષે જૂનમાં 30000 સુધી પહોંચી શકે છે

નવી દિલ્હી, તા. ૨૬

શેરબજારમાં આગામી દિવસો ખૂબ સારા રહી શકે છે. કારોબારીઓને મોટી રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે. હાલમાં જ કરવામાં આવેલા એક અગ્રણી સંસ્થાના પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે, આગામી જુન સુધી સેન્સેક્સ ૩૦ હજારની સપાટી સુધી પહોંચી જશે.

બેંચમાર્ક સેન્સેક્સ આગામી વર્ષમાં નવા રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચશે. આગામી થોડાક મહિનાઓમાં નાના કરેક્સન આવી શકે છે. જોકે કારોબારીઓને આ કરેક્સનથી સાવધાન રહેવાની જરૂર રહેશે. સેન્સેક્સ પહેલાથી જ ડિસેમ્બરના અંત સુધી ૨૭૭૫૦ સુધી પહોંચી જવાની શક્યતા દેખાઈ રહી છે. છેલ્લા સપ્તાહમાં બજાર સાથે જોડાયેલા અનેક નિષ્ણાંતોને આવરી લઈને સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં જાણવા મળ્યું છે કે, સેન્સેક્સ ડિસેમ્બર સુધી ૨૭૭૫૦ સુધી પહોંચી શકે છે. માર્ચમાં સ્થિતિ વધુ સુધરી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, ટૂંકાગાળામાં કરેક્સન પણ આવી શકે છે. આ વર્ષના અંતમાં સ્તર કેટલું રહેશે તેને લઈને અગાઉ સુચના આપવામાં આવી છે. માર્ચ, એપ્રિલમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ભારતીય ઈક્વિટીમાં ૩૦ હજાર કરોડનું રોકાણ કર્યું છે. આ વર્ષના પ્રથમ બે મહિનામાં ૨ ૧ ૨૦૦ કરોડનું રોકાણ કરાયું હતું. ગયા મહિનામાં શપથ લીધા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઘણા હકારાત્મક સંકેતો આપ્યા છે. અન્ય યોજનામાં તેમની સરકારે કોલસા ખાણમાંથી ઉત્પાદન વધારવા માટે પણ સુચના આપી છે. સુધારાની દિશામાં સરકાર આગળ વધશે તેવી આશા દેખાઈ રહી છે. આ તમામ પરિબળોના લીધે સેન્સેક્સ ડિસેમ્બરના અંત સુધી ૨૭૭૫૦ સુધી પહોંચી શકે છે જ્યારે આગામી વર્ષ જુન સુધી સેન્સેક્સ ૩૦ હજાર સુધી પહોંચી શકે છે.

સત્યમ કૌભાંડ કેસઃ ૨ ૮મીએ ચુકાદાની તારીખ જાહેર થશે

હૈદરાબાદ,તા. ૨૬

સમગ્ર કોર્પોરેટ જગતને હચમચાવી મુકનાર કરોડો રૂપિયાના એકાઉન્ટિંગ સત્યમ કૌભાંડમાં તપાસ ચલાવી રહેલી ખાસ અદાલતે આજે કહ્યું હતું કે તે ૨૮મી જુલાઈના દિવસે ચુકાદાની તારીખ જાહેર કરશે. સ્પેશ્યલ જજ એન ચક્રવર્તીએ આ મામલાની સુનાવણી ૨૮મી જુલાઈ સુધી મોકુફ કરી દીધી હતી. એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટ દ્વારા સુનાવણી મોકુફ કરવામાં આવી હતી. આ કેસમાં ચુકાદાની તારીખ ૨૮મી જુલાઈના દિવસે હવે જાહેર થશે. સીબીઆઈના સ્પેશ્યલ પબ્લિક પ્રોસીક્યુટર વેણુ માધવે આ મુજબની માહિતી આપી હતી. કોર્ટે આદેશ આપ્યો હતો કે, આ કેસમાં રહેલા તમામ ૧૦ આરોપી જેમાં ત્રણ મુખ્ય આરોપી સત્યમ કોમ્પ્યુટરના સ્થાપક અને પૂર્વ ચેરમેન બી રામાલિંગા રાજુ સામેલ છે તેમને ૨૮મી જુલાઈના દિવસે કોર્ટમાં ઉપસ્થિત થવા માટે કહેવામા આવ્યું છે. આજે કાર્યવાહી દરમિયાન તમામ ૧૦ આરોપી ઉપસ્થિત રહ્યા હતા. જોકે, પત્રકારોને કોર્ટ હોલની અંદર જવાની મંજુરી આપવામાં આવી નહતી. દેશના સૌથી મોટા એકાઉન્ટિંગ કૌભાંડ તરીકે આને ગણવામાં આવે છે. સાતમી જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે રામાલિંગા રાજુએ કંપનીના એકાઉન્ટિંગ બુકમાં ચેડા કરવાની વાત કબુલી લીધા બાદ આ મામલો સપાટી પર આવ્યો હતો. રાજુની આંધ્રપ્રદેશ પોલીસના ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન ડિપાર્ટમેન્ટ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેમના ભાઈની પણ ધરપકડ કરાઈ હતી. ૨૦૦૯માં જ સીબીઆઈએ આ મામલામાં ત્રણ ચાર્જશીટ દાખલ કરી હતી. મોડેથી ત્રણેય ચાર્જશીટને ક્લબ કરી દેવામાં આવી હતી. આ કૌભાંડના કારણે સત્યમના શેરધારકોને ૧૪૦૦૦ કરોડનું નુકશાન થયું હોવાનો દાવો સીબીઆઈએ કર્યો હતો.

જોકોવિકની સ્ટોપાનેક સામે રોમાંચક અને લડાયક જીત

લંડન,તા. ૨૬

લંડનમાં ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રામાઈ રહેલી ટેનિસની સૌથી મોટી સ્પર્ધા વિમ્બલ્ડનમાં ટોચના ખેલાડી નોવાક જોકોવિકને આગામી રાઉન્ડમાં પ્રવેશ કરવા માટે ભારે જહેમત ઉઠાવી પડી હતી. ।કારણ કે તેના હરિફ ખેલાડી રાડેક સ્ટેપાનેકે લડાયક રમત રમી હતી. જો કે છેલ્લે જોકોવિકે સ્ટેપાનેક પર ૬-૪, ૬-૩,૬-૭,૭-૬થી જીત મેળવી હતી. આ મેચ ત્રણ કલાક અને ૧૭ મિનિટ સુધી ચાલી હતી. ૨૭ વર્ષીય નોવાક જોકોવિક ગાયા વર્ષે ફાઈનલમાં એન્ડી મરેની સામે હારી ગયો હતો. સેન્ટર કોર્ટ પર રમાયેલી આ મેચમાં મોટી સંખ્યામાં ટેનિસ ચાહકો હાજર રહ્યા હતા. છેલ્લે સુધી બન્ને ખેલાડીની ભવ્ય રમત ચાહકોને જોવા મળી હતી. વર્ષ ૧૯૮૭માં બોરિસ બેકરની વિમ્બલ્ડનમાં બીજા રાઉન્ડમાં હાર થઈ હતી. હાલમાં બોરિસ બેકર જ જોકોવિકના કોચ તરીકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે ફ્રેન્ચ ઓપન રેકોર્ડ વખત જીતીને ઈતિહાસ સર્જાનાર રાફેલ નાડાલ અને રોજર ફેડરરે આગામી રાઉન્ડમાં કુચ કરી છે. બન્ને પોત પોતાની મેચ જીતીને બીજા રાઉન્ડમાં પ્રવેશી ગયા છે. રોજર ફેડરર આઠમી વખત વિમ્બલ્ડન જીતીને પ્રભુત્વ જમાવી લેવા તૈયાર છે. હાલમાં ફ્રેન્ચ ઓપનમાં મહિલા વર્ગમાં ચેમ્પિયન બનેલી રશિયાની ગ્લેમર ગર્લ મારિયા શારાપોવા પણ બીજા રાઉન્ડમાં પ્રવેશી ગઈ છે. ટોચના ખેલાડી નડાલે દુનિયાના ૫૧માં ક્રમાંકના ખેલાડી માર્ટિન ક્લિજાન પર પ્રથમ સેટ ગુમાવ્યા બાદ જીત મેળવી હતી. નડાલે આ મેચ બે કલાક અને ૩૩ મિનિટમાં જીતી હતી. લીધી હતી. નડાલે તેના હરિફ માર્ટિન પર અંતે ૪-૬, ૬-૩, ૬-૩, ૬-૩થી જીત મેળવી હતી. હવે બીજા રાઉન્ડમાં નડાલ લુકાસ રોસોલ સામે રમશે. રોસોલે વર્ષ ૨૦૧૨માં બે વખતના વિમ્બલ્ડન ચેમ્પિયન પર જીત મેળવીને મોટો અપસેટ સર્જયો હતો. બીજી બાજુ રોજર ફેડરરે પ્રથમ રાઉન્ડની મેચમાં ઈટાલીની પાઉલો લોરેન્જો પર જીત મેળવી હતી.નોવાક જોકોવિક મોટા પડકાર ફેંકવાના મુડામાં છે. નડાલ, ફેડરર અને જોકોવિક પર તમામની નજર છે.

બટાકા પર પ્રતિ ટન ૪૫૦ ડોલરની એમઈપી અમલી

મુંબઈ, તા. ૨૬

ભાવ વધારાની સ્થિતિ પ્રવર્તી રહી છે ત્યારે સરકારે આની સામે લડવાના હેતુસર બટાકા ઉપર લઘુત્તમ નિકાસ કિંમત (એમઈપી)પ્રતિ ટન ૪૫૦ ડોલર કરી દીધી છે. હાલમાં બટાકાની કિંમતમાં તીવ્ર વધારો થયો હતો. બટાકાના સ્થાનિક પુરવઠાઆડે તકલીફને દૂર કરવા હેતુસર આ નિર્ણય કરાયો છે. ભારતે ગયા વર્ષે ૦.૧૬ મિલિયન ટનની સામે ૨૦૧૩-૧૪માં ૦.૨૨ મિલિયન ટન બટાકાની નિકાસ કરી હતી. મુલ્યની દૃષ્ટિએ ગણવામાં આવે તો ભારતે ૧૪૮ કરોડ રૂપિયાથી વધારીને ૨૫૧ કરોડ રૂપિયાની બટાકાની નિકાસ કરી છે. નિકાસની સ્થિતિમાં સુધારો થયો છે. હાલમાં જ બટાકાની કિંમતમાં સ્થાનિક બજારોમાં વધારો થતા ખડભડાટ મચી ગયો હતો. હોલસેલ કિંમતો પણ વધી ગઈ હતી. મે મહિના સુધી બટાકાની કિંમત ઓછી હતી પરંતુ આ કિંમત હાલમાં એકાએક વધી ગઈ હતી. સરકારે ડુંગળી ઉપર ટન દીઠ ૩૦૦ ડોલરના એમઈપીને અમલી બનાવ્યા બાદ હવે બટાકા ઉપર ટન દીઠ ૪૫૦ ડોલરની ફ્લોર નિકાસ કિંમત નક્કી કરી છે.

ડોલર સામે રૂપિયો બે પૈસા ઘટીને બંધ રહ્યો

મુંબઈ, તા. ૨૬

વૈશ્વિક બજારમાં જારી ઉથલપાથલ વચ્ચે રૂપિયો આજે ડોલર સામે બે પૈસા ઘટીને ૬૦.૧૪ની સપાટીએ રહ્યો હતો. અમેરિકી ચલણ માટેની આયાતકારો તરફથી જોરદાર માંગ રહી હતી. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૬૦.૧૦ની સપાટીએ ખુલ્યો હતો. ગઈકાલે ડોલર સામે રૂપિયો ૬૦.૧૨ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે કારોબાર દરમિયાન રૂપિયો ૬૦.૦૮ અને ૬૦.૨૦ની રેન્જમાં રહ્યો હતો. અંતે બે પૈસા અથવા ૦.૦૩ ટકા ઘટીને ડોલર સામે રૂપિયો ૬૦.૧૪ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો ૨૫મી જુનના દિવસે એક પૈસા સુધર્યો હતો. જ્યારે ૨૪મી જુનના દિવસે સાત પૈસા સુધર્યો હતો. શેરબજારમાં આજે મોટો કડાકો બોલી ગયો હતો. સેન્સેક્સમાં ૨૫૦ પોઈન્ટથી વધુનો ઘટાડો રહ્યો હતો. એફઆઈઆઈ દ્વારા ગઈકાલે ૬૯૪.૬૩ કરોડની કિંમતના શેર ખરીદવામાં આવ્યા હતા.

સમાચાર ઝલક

- ૧૦૦ વર્ષમાં સૌથી ઓછો વરસાદ. જૂન માસમાં ભારતમાં ચોમાસું લંબાયું.
- બિહારના સમસ્તીપુરમાં દલિતોની ૫૫ ઝુંપડીઓ ફુંકી મરાઈ.
- ગુજરાત હાઈકોર્ટના જજની ચેમ્બરમાંથી ચોરી થતાં દોડધામ તથા સનસનાટી મચી.
- અજમેરમાં પોલીસ સ્ટેશનમાં કિન્નર સાથે ગેંગરેપ કરાયો.
- પેશાવરમાં અજાણ્યા બંદુકધારીનો વિમાન પર ગોળીબાર. એકનું મોત. કેટલાકને ઈજા.
- મોંઘવારી વધારનારા આકરા નિર્ણયો વચ્ચે શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વડાપ્રધાન પદે એક માસ પૂર્ણ.
- કુદરતી ગેસનું ઓછું ઉત્પાદન કરવા બદલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને દંડ.
- દારૂની હેરફેર કરવાની નવી તરકીબ. બાઈકના પેટ્રોલની ટાંકીમાં ચોરખાના બનાવાયાં.
- સુરત જિલ્લાના કીમ ગામે અંતિમધામ માટે દાન આપનારનો જ પ્રથમ અગ્નિદાહ અપાયો. કુદરતની બલિહારી.
- અફઘાનિસ્તાન વિશ્વનું ૭૦ ટકા અફીણ ઉત્પન્ન કરે છે.
- રૂ. ૧૦૦થી વધુની ખરીદી પર ફરજિયાત બીલ આપવું પડશે. નહિતર કાર્યવાહી માટે તૈયાર રહો.
- તમામ કલેકટરો-ડીએસપીના વાહનો ઉપરથી લાલ લાઈટ હટાવવા આદેશ.
- સોનિયા ગાંધી ઉત્તરાખંડની મુલાકાતે અલગ લુકમાં દેખાયા. મુલાકાત દરમિયાન પેન્ટ શર્ટમાં.
- પેન્શન-ગ્રેજ્યુટી, પ્રોવિડન્ડ ફંડના રૂ. દોઢ લાખ કરોડ શેર બજારમાં રોકાશે.
- ઈરાકમાં ૧૭ દિવસમાં ૧૦૦૦થી વધુ મોત થયાં.
- ફાંસીએ ચડવા તૈયાર પણ પીછેહઠ કરવા શંકરાચાર્યનો ઈન્કાર.

કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

છતાં સમય બોધ હોય છે તેમને... દિવસનું અજવાળું અને સુરજ ને પકડી ને ચાલે છે તેઓ... આકાશના તારા અને ચુંબકીય ક્ષેત્ર ઓળખી પાડે છે પક્ષીઓ! કુદરતે આપણને વર્તમાન આપ્યો છે... અને એ વર્તમાન વિના ભવિષ્ય પણ સંભવ નથી!

આશા અને જિંદગી ની ઉમ્મીદો ની કવિતા હમેશા જોશ ભરતી રહે છે, હમણાં જ મૃત્યુ પામેલા આફ્રો - અમેરિકન કવિયત્રી માયા અન્જેલો ની આ સર્વકાલીન કવિતા સાથે સાયોનારા...

You may write me down in history
With your bitter, twisted lies,
You may trod me in the very dirt
But still, like dust, I'll rise.
Does my sassiness upset you?
Why are you beset with gloom?
'Cause I walk like I've got oil wells
Pumping in my living room.
Just like moons and like suns,
With the certainty of tides,
Just like hopes springing high,
Still I'll rise.
Did you want to see me broken?
Bowed head and lowered eyes?
Shoulders falling down like teardrops,
Weakened by my soulful cries?
Does my haughtiness offend you?
Don't you take it awful hard
'Cause I laugh like I've got gold mines
Diggin' in my own backyard.
You may shoot me with your words,
You may cut me with your eyes,
You may kill me with your hatefulness,
But still, like air, I'll rise.
Does my sexiness upset you?
Does it come as a surprise
That I dance like I've got diamonds
At the meeting of my thighs?
Out of the huts of history's shame
I rise
Up from a past that's rooted in pain
I rise
I'm a black ocean, leaping and wide,
Welling and swelling I bear in the tide.
Leaving behind nights of terror and fear
I rise
Into a daybreak that's wondrously clear
I rise
Bringing the gifts that my ancestors gave,
I am the dream and the hope of the slave.
I rise
I rise
I rise.

હિરોપંતિ બાદ કૃતિને મોટી ફિલ્મ હાથ લાગી

અક્ષય કુમારની સાથે કૃતિ સેનન રોમાંસ કરવા તૈયાર

મુંબઈ,તા. ૨૬

તાજતેરમાં રજૂ થયેલી ફિલ્મ હિરોપંતિ મારફતે ભારે લોકપ્રિય મેળવનાર નવી અભિનેત્રી કૃતિ સેનનને હવે મોટી સફળતા હાથ લાગી છે. કારણ કે તે નવી ફિલ્મમાં હવે સુપરસ્ટાર અક્ષય કુમારની સાથે રોમાન્સ કરશે. અક્ષય જેવા સ્ટાર સાથે ફિલ્મ મળ્યા બાદ તે ખુબ ખુશ દેખાઈ રહી છે. આગામી દિવસોમાં તેને વધુ કેટલીક ફિલ્મો હાથ લાગે તેવી શક્યતા છે. વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા જેકી શ્રોફના પુત્ર ટાઈગર દ્વારા અભિનિત ફિલ્મ હિરોપંતિમાં તેને સારી સફળતા મળી હતી. કૃતિ બોલિવુડમાં એન્ટ્રી કર્યા બાદથી સતત મોટી ફિલ્મો કરવા માટે પ્રયાસ કરી રહી હતી પરંતુ ફિલ્મો મળી રહી ન હતી હવે તને આખરે સફળતા મળી છે. અક્ષય કુમારની સાથે

તે ફિલ્મ કરનાર છે. અક્ષય કુમાર ટુંક સમયમાં સિંગ ઈઝ બ્લિંગમાં નજરે પડનાર છે. આ ફિલ્મમાં કૃતિને લેવામાં આવી છે. અક્ષય કુમારની છેલ્લે હોલિડે ફિલ્મ બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડની કમાણી કરવામાં સફળ રહી છે. આવા સમયમાં તેની આ ફિલ્મ પાસેથી પણ લોકોને આશા રહેશે. સિંહ ઈઝ બ્લિંગ ફિલ્મ એક રોમ કોમ ફિલ્મ છે.આ ફિલ્મનુ શુટિંગ દક્ષિણ આફ્રિકામાં કરવામાં આવનાર છે. કેપ ટાઉન અને અન્ય જગ્યાની પસંદગી કરવામાં આવી રહી છે. હકીકતમાં આ ફિલ્મ માટે સારી જગ્યા જરૂરી છે. આ જ કારણસર આ સ્થળોની પસંદગી યોજનાપૂર્વક કરવામાં આવી છે.

ફિલ્મ લવ સ્ટોરી પર આધારિત છે. ફિલ્મમાં કૃતિ ડાન્સરની ભૂમિકા અદા કરાનાર છે. તેની બોડી ડાન્સર જેવી હોવાના કારણે તેને આ ફિલ્મ હાથ લાગી છે. આ ફિલ્મમાં તેના રોલને ન્યાય આપવા કૃતિ પહેલાથી જ તૈયાર છે.

ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

બારમાં એક દોહામાં સંદેશો છે કે -

"પોતે પોતાનો જ જે ના મિત્ર બન્યો તે મિત્ર વગરનો છેક,
આત્મીયતા સભર મિત્ર સત્વર બની જાય છે સત્વો એકે એક"

અર્થાત્ - જે વ્યક્તિ પોતે જ પોતાના સાથી પોતે જ પોતાના મિત્ર ના બની શકે, જે પોતે જ પોતાના આત્માનો અવાજ ના સાંભળે એવો માણસ આ જગતમાં મિત્ર વિહોણો બની રહે છે. પરંતુ જે માણસ આત્મીયતા સભર લાગણી વરસાવે એવો માણસ બીજા માણસોને સત્વરે મિત્ર બની શકે છે.

તેરમાં એક દોહામાં સંદેશો છે કે -

"શ્રદ્ધા શ્વાસોચ્છવાસ છે અંતરાત્માનું છે હૈયાનું હીર
શ્રદ્ધા છે એક બળ બ્રહ્મ માર્ગે લઈ જનાર દોરી"

અર્થાત્ - માનવીએ પોતાની ફરજો પોતાના કામોને મજબુત શ્રદ્ધા અને આત્મવિશ્વાસ પૂર્વક કરવાના છે જે માની માટે ખુદનાં હૈયાનાં હીર સમાન છે. શ્રદ્ધા અને આત્મવિશ્વાસ એ તો બ્રહ્મ માર્ગે લઈ જનાર એક બળ સમાન છે.

ચૌદમાં દોહામાં સંદેશો છે કે -

"જોખમ જગમાં હોત ના તો ઝળહળ કરતાં જોમ કહીંથી હોત?
વસુંધરા છે વીરભોગ્યા, કાયરતાનો કીચડ માંહે કાં હોત"

અર્થાત્ આ જગતમાં જોખમ ખેડ્યા વિના કોઈ સિદ્ધિઓ હાંસલ થઈ શકતી નથી. વ્યક્તિએ પોતાનો વિકાસ સાધવો હશે તો સાહસ તો ખેડવા પડે છે તે વિના જિંદગીને ઝળહળતી કરી શકાતી નથી. આ વસુંધરાને લીલીછમ્મ હરિયાળી બનાવનારા સાહસીકો જ સિદ્ધિઓ હાંસલ કરી શકે છે કાયર લોકો તો હિંમત હારી જઈને જોખમોથી ડરી જઈને કાદવ કિચડ સમી જિંદગી બનાવી દે છે.

અંતમાં છેલ્લા એક દોહામાં સંદેશો છે કે -

"શરમાવા જેવું કશું યે જીવનમાં જયાં સુધી હોય કમજાત,
તહીં સુધી તું થોભી જજે, કરતો ના ઉતાવળ બની જવા પ્રખ્યાત"

અર્થાત્ - માનવીએ પોતાની જાતને પ્રખ્યાત બનાવવા માટે ખોટાં શરમાવા જેવા કામો કરવા ના જોઈએ. પ્રખ્યાત બની જવાની ઉતાવળ કરવામાં શરમને નેવે મુકીને શરમાવવા જેવું કાંઈ કરતો નહી.